૪૯૨૯૪-૩૨૪

જા.નં:માધ્યમિક/રોસ્ટર/પ્રમાણિત/૨૦૧૮/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
કારેલીબાગ અનાવિલ ભવન,વડોદરા.
તા. ૮/૧૦/૨૦૧૮.

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ)
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
વડોદરા જિલ્લો.

**વિષય:** શાળાના માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાની શિક્ષકની ખાલી જગ્યા ભરવા માટે રોસ્ટર રજીસ્ટર અપડેટ કરવા બાબત.

---

**સંદર્ભ:** માન.મદદ.શિક્ષણ નિયામકશ્રી, શાળાઓની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક:માધ્ય/મા.૨/ રોસ્ટર પ્રમાણિત/૨૦૧૮/૧૦૪૬૪–૯૧, તા. ૨૬/૦૯/૨૦૧૮ અન્વયે.

---

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપની શાળાના માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિવૃત્તિ,અવસાન,રાજીનામાના કારણે ખાલી પડેલ મદદનીશ શિક્ષકની જગ્યા ભરવા માટે આ કચેરી ખાતે દરખાસ્ત મોકલવામાં આવેલ છે. જેમાં શાળા તરફથી રજુ થયેલ અનામત કેટેગરી નક્કી કરવા માટે શાળાના શૈક્ષણિક કર્મચારીઓના રોસ્ટર રજીસ્ટર અપડેટ કરવાના હોવાથી આ સાથે સામેલ પત્રકોમાં પેન્શીલથી વિગતો નીચે દર્શાવેલ સુચનાઓને ધ્યાને લઈ ભરવાની રહેશે. અને શાળાના અગાઉ પ્રમાણિત થયેલ રોસ્ટર રજીસ્ટર અને તેના અનુસાંગિક આ સાથે સામેલ પત્રકો સાથે શાળાના આચાર્ય તેમજ જાણકાર ક્લાર્ક સાથે નીચે દર્શાવેલ તારીખોએ આ કચેરી ખાતે અચુક હાજર રહેવાનું રહેશે.

**સુચનાઓ:**

- આચાર્યની જગ્યા અલગ કેડર હોવાથી મદદનિશ શિક્ષકના રોસ્ટરમાં તેમને ગણવાના રહેતા નથી. આથી શાળામાં મદદનિશ શિક્ષકની મંજૂર જગ્યામાં આચાર્યને ગણવાના રહેતા નથી.
- અન્ય સંસ્થામાંથી ફાજલ થયને આવેલ શિક્ષકોના નામ રોસ્ટર રજીસ્ટરમાં દર્શાવવાના નથી. ઉપરાંત અન્ય સંસ્થાનામાંથી ફાજલ થઈને આવેલ શિક્ષકોને ભરાયેલ જગ્યાઓની ગણતરીમાં લેવા નહી.
- માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગનું મદદનીશ શિક્ષક સંવર્ગનું રોસ્ટર તથા પત્રકો બન્ને જુદા–જુદા જ બનાવવા તથા પ્રમાણિત કરાવવા.
- આગઉ પ્રમાણિત કરાવેલ રોસ્ટર રજીસ્ટરને જ UPDATE કરી પ્રમાણિત કરાવવું. દર વખતે નવું રોસ્ટર રજીસ્ટર કોઈ પણ સંજોગોમાં બનાવવું નહી. માત્ર પત્રકો જ નવા બનાવવા.
- આ કેમ્પમાં માત્ર અને માત્ર મદદનિશ શિક્ષકના જ રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાના છે. આથી બિન શૈક્ષણિક સંવર્ગના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા લાવવા નહી.
- જિલ્લાની ટકાવારી મુજબ જિલ્લાવાર રોસ્ટર ક્રમાંક અનુસાર રોસ્ટર રજીસ્ટર નિભાવવા. (એસ.સી. ૬% એસ.ટી.૨૫% એસ.સી.બી.સી.૨૭%).
- રોસ્ટર રજીસ્ટર તથા પત્રકોમાં તમામ વિગતો છેકછાક વગર ભરવી.
- તા. ૦૯/૦૩/૧૯૯૯ ના રોજ થી મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતાં શિક્ષકોના જ નામ રોસ્ટર રજીસ્ટરમાં દર્શાવવા. નિવૃત્તિ,અવસાન,રાજીનામું,બરતરફ કરેલ કર્મચારીની સામે રોસ્ટર રજીસ્ટર ની અંતિમ કોલમમાં નિવૃતિ, અવસાન, રાજીનામું, બરતરફ કર્યાની તારીખ દર્શાવવી.
- રોસ્ટર રજીસ્ટરમાં મદદનીશ શિક્ષકોની નિમણુંક સમયેની જ કેટેગરી લખવી. જરૂર જણાયે નિમણુંક

Scanned by CamScanner

હુકમ સાથે ચેક કરી લેવું. જેના શિક્ષકોની હાલની સ્થિતિ મુજબની કેટેગરી લખવી નહી.

- રોસ્ટર રજીસ્ટરમાં તમામ મદદનીશ શિક્ષકોની એન્ટ્રી પદી પરીશિષ્ટ–૩ મુજબ તારીજ બનાવવી. જેની ઉપર તારીખ, મંજૂર જગ્યા, વપરાયેલ રોસ્ટર ક્રમાક અથવા ભરાયેલ જગ્યાની વિગતો દર્શાવવી. પત્રકો ભરવાની સૂચના પત્રકો ક્રમાનુસાર (પોસ્ટ બેઝ પત્રક, ચેકલીસ્ટ, પરીશિષ્ટ–૩ (તારીજ) પત્રક–ક, પત્રક–ખ, પત્રક–ગ) મુજબ જ રાખવા. પોસ્ટ બેઝ પત્રક (પત્રક–૧) માં માત્ર મદદનીશ શિક્ષકની **(આચાર્ય સિવાય)** મંજૂર થયેલ જગ્યાના આધરે જ જિલ્લાની ટકાવારી મુજબ વિગતો દર્શાવવી આ જ આંકડાકીય માહિતી પત્રક– ક માં દર્શાવવાની છે.
- ચેક લીસ્ટની તમામ વિગતો સંસ્થાના રેકર્ડ મુજબ જ દર્શાવવી.
- પરિશિષ્ટ–૩ (તારીજ) માં હાલમાં ફાજલ સિવાયના WORKING શિક્ષકોની સંખ્યાના આધારે અથવા મંજુર જગ્યા ઓછી હોય તો વપરાયેલ રોસ્ટર ક્રમાંકના આધારે વિગતો દર્શાવવી. આ જ વિગતો પત્રક–ખ માં દર્શાવવાની છે. પરિશિષ્ટ–૩ તારીજના કોલમ–૩ માં ગુણવતા (મેરીટ) ના ધોરણે એટલે કે, અનુ.જાતિ, અનુ.જનજાતિ. અને શા.શે.પ.વ. ના જે ઉમેદવારો બિન અનામત તરીકે પસંદગી પામ્યા હોય તેની વિગતો દર્શાવવાની છે. જે નિમણુંક હુકમ મુજબ ચેક કરીને જ દર્શાવવાનું રહેશે.
- પત્રક–ગ માં મેરીટના ધોરણે તેમજ હાલમાં WORKING (ફાજલ થઈને આવેલ સિવાયના)મહિલા ઓની વિગતો દર્શાવવાની છે.

નીચે દર્શાવેલ નમૂનામાં તા. ૦૮/૦૩/૧૯૯૯ ની સ્થિતિએ શાળામાં ફરજ બજાવતા શિક્ષકોની માહિતી પત્રક– અ માં દર્શાવી રજુ કરવી અનેતા. ૦૮/૦૩/૧૯૯૯ બાદ આજ સુધીમાં નિમાયેલ શિક્ષકોની માહિતી પત્રક– બ માં દર્શાવી રજુ કરવી. સદર પત્રકો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે અલગ–અલગ બનાવવાના રહેશે. સદર માહિતીમાં આચાર્યની નિમણુંક તેમજ ફાજલ કર્મચારીના નામ દર્શાવવાના નથી. ફક્ત સંસ્થા તરફથી નવી નિમણુંક થયેલ શિક્ષકોના નામ દર્શાવવાના રહેશે.

પત્રક નમૂનો(પત્રક– અ અને પત્રક–બ)

| ક્રમ | કર્મચારીનું નામ | હોદો | શૈ.લાયકાત | શાળામાં નિમણુંક તારીખ | ઉમેદવારની જાતિ | જગ્યા ભરવા કઈ કેટેગરીનું NOC આપવામાં આવેલ છે. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

**નોંધઃ** રીમાર્કસ કોલમમાં રાજસનામા,અવસાન,વય નિવૃતિ અને કર્મચારી ફાજલ થયેલ હોય તો તેની વિગત દર્શાવવાની રહેશે.

જે શાળાના રોસ્ટર રજીસ્ટર અગાઉ પ્રમાણિત થયેલ ન હોય તે શાળાઓએ તા. ૨૦/૧૦/૨૦૧૮ ના રોજ કચેરી ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે.

રોસ્ટર રજીસ્ટર અપડેટ માટે હાજર રહેવાની વિગત

| ક્રમ | તારીખ | સામેલ યાદીના ક્રમ નંબર થી ક્રમ નંબર | રીમાર્કર્સ |
|---|---|---|---|
| ૧ | ૧૫/૧૦/૨૦૧૮ | ૧ થી ૧૫ ની શાળાઓ | |
| ૨ | ૧૬/૧૦/૨૦૧૮ | ૧૬ થી ૩૦ ની શાળાઓ | |
| ૩ | ૧૭/૧૦/૨૦૧૮ | ૩૧ થી ૪૫ ની શાળાઓ | |
| ૪ | ૧૯/૧૦/૨૦૧૮ | ૪૬ થી ૫૯ ની શાળાઓ | |
| ૫ | ૨૦/૧૦/૨૦૧૮ | અગાઉ પ્રમાણિત થયેલ ન હોય તેવી શાળાઓએ | |

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

Scanned by CamScanner